**ફોજદારી કેસ નં.૫૧૫/૨૦૨૫**

**<u>આંક– ૧ લગત હુકમ</u>**

હાલની ફરીયાદ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ગુના સબબ દાખલ થયેલી છે. હાલની ફરીયાદ આજરોજ નેશનલ લોક અદાલતમાં રાખવામાં આવેલ હતી. આ કામના ફરીયાદી અને આરોપી વચ્ચે ચેકની રકમની લેતી દેતી પૂર્ણ થઈ ગયેલ છે અને ફરીયાદી સદર કામ આગળ ચલાવવા માંગતા નથી તે મતલબની પુરસીસ રજુ કરે છે, જે આ કામે આંક–૧૫ થી કામમાં સામેલ રાખેલ છે. સદરહું પુરસીસ ફરીયાદીએ સ્વેચ્છાપૂર્વક આપેલ હોય પુરસીસ રેકોર્ડેડ કરેલ. સદરહુ ફરીયાદ ખાનગી ફરીયાદ હોય ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૮૦ મુજબ ફરીયાદીને હાલની ફરીયાદ પરત ખેંચવા પરવાનગી આપી, આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ગુનામાંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૪ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ લોકઅદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬<br>
સ્થળ: ઠાસરા

**( વી.એ.ઠકકર )**<br>
જયુડી.મેજી.ફસ્ટ કલાસ, ઠાસરા<br>
કોડ નં. જીજે૦૧૪૫૫